# હવે આંતરરાષ્ટ્રીય બજાર માટે હીરાની કિંમત ભારતમાં નક્કી થશે!

BharatENews visionplusmedia  Saturday, August 05, 2017  Business , National



**મુંબઈ,તા.પ :** વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં એક આંતરરાષ્ટ્રીય ડાયમંડ ફોરમને સંબોધતા એવો સવાલ કર્યોહતો કે જ્યારે આપણે હીરાની કારીગરીમાં વિશ્વમાં ટોચના સ્થાને છીએ તો તેના ભાવ વિદેશમાં શા માટે નક્કી થવાજોઇએ? હવે તેમની આ નેમ પૂરી થવાની તૈયારીમાં છે. હીરાનાં વેપારની પદ્ધતિઓમાં મોટાપાયે ફેરફાર થઈ રહ્યો છે.દુનિયામાં આ અતિમૂલ્યવાન કોમોડિટીની કિંમતોનાં નિર્ણાયક બનવા ભારત સજ્જ છે.

ભારતમાંથી દુનિયામાં ૯૦ ટકા જેમસ્ટોન કટર્સ છે. ભારતીય કારીગરો દુનિયામાં નિર્વિવાદપણે શ્રેષ્ઠ છે, વર્કશોપમાંથીબજારમાં પસાર થનાર દરેક હીરાનાં પાસાંને નક્કી કરે છે,  તો પછી ભારતે હીરાની કિંમત શા માટે નક્કી ન કરવીજોઈએ? એવો સવાલ ઈસીઈએક્સનાં સીઈઓ સંજિત પ્રસાદે પૂછ્યો હતો. દુનિયામાં સૌપ્રથમ વખત હીરામાં ડેરિવેટિવકોન્ટ્રાક્ટ આઈસીઈએક્સે લોન્ચ કર્યો હોવાથી તેમાં ફ્યુચર ટ્રેડિંગ વાસ્તવિકતા બનશે. સુરત ડાયમન્ડ કટિંગ અનેપોલિશિંગ ઉદ્યોગનું વૈશ્વિક કેન્દ્ર છે, જ્યાં શહેરમાં ૪૫ લાખની વસતિમાં ૮૦૦,૦૦૦થી વધારે કારીગરો રૂપિયા ૮૦,૦૦૦કરોડનાં ઉદ્યોગમાં સંકળાયેલા છે.